

# સેતુ


**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૮** **અંક : ૧૦૮** **એપ્રિલ - ૨૦૨૬**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## ચાલો ઈશ્વરને ઓળખીએ

ઈશ્વર એટલે કોણ ? ભાગવત કહે છે ઈશ્વર એટલે સત્ય. આ સત્ય શું છે ? ઉપનિષદો કહે છે સત્ય એટલે બ્રહ્મ. આ બ્રહ્મના બે રૂપો છે. (૧) સુગુણ બ્રહ્મ અને (૨) નિર્ગુણ બ્રહ્મ. આમાંથી સગુણ બ્રહ્મ જ્યારે માયા-યુક્ત હોય છે ત્યારે તેને ઈશ્વર કહે છે.

આપણા શાસ્ત્રો કહે છે : ઈશ્વર જગતનું ઉપાદાન કારણ છે. એ કારણ રુપે સત્ય સંકલ્પનો અને કર્મફળનો દાતા છે. એના અમુક જ નામરુપ અને ગુણ છે. એમ ન કહેવાય. કારણકે એ સ્વયં નામરુપ અને ગુણ માત્રનો આશ્રય છે. એ સર્વવ્યાપક છે. ક્રિયાસ્વરુપ છે. છતાં સર્વથી અલિપ્ત છે. એ ઋત (વ્યવસ્થા) છે. તેથી જગતનો સંત્રી અને સુત્રધાર છે. જગતમાં જે કાંઈ શુભ-અશુભ વિભૂતિઓ છે. તે તેના થકી છે. તેથી એ સર્વ શક્તિઓનો ભંડાર છે.

આ ઈશ્વરના ત્રણ શરીરો છે. એ છે : વિરાટ હિરણ્યગર્ભ અને અવ્યાકૃત. એના છ ગુણો છે. એ છે : જ્ઞાન, બળ, ઐશ્વર્ય, વીર્ય, શક્તિ અને તેજ. એના આઠ ધર્મો છે. એ છે. (૧) સર્વશક્તિપણું (૨) સર્વજ્ઞપણું (૩) સર્વવ્યાપક પણું (૪) એકપણું (૫) સ્વાધીનપણું (૬) સમર્થપણું (૭) પરોક્ષપણું (૮) માયાવિષ્ટપણું. એની બાર શક્તિઓ છે. એ છે : (૧) શ્રી (૨) કીર્તિ (૩) પુષ્ટિ (૪) ગિરા (૫) કાંતિ (૬) તુષ્ટિ (૭) ઈલા (૮) ઊર્જા (૯) વિદ્યા (૧૦) અવિદ્યા (૧૧) શક્તિ અને (૧૨) માયા. આ બાર શક્તિઓ વડે તે આઠ કામ કરે છે. એ છે (૧) સર્જન (૨) પાલન (૩) પ્રલય (૪) નિયંત્રણ (૫) જ્ઞાન (૬) તિરોધાન (૭) બંધ અને (૮) મોક્ષ

આ ઈશ્વરને આપણે ભગવાન કહીએ છીએ કેમ કે ઉપર કહ્યું તેમ તેનામાં છ ભગ (ઐશ્વર્યો) છે. જેમ ધનવાન, ભાગ્યવાન તેમ ભગવાન.

આ ઈશ્વરને આપણે વિભુ પણ કહીને ઓળખીએ છીએ. એટલા માટે કે વિભુનો અર્થ છે; જે વ્યાપક રુપે સર્વત્ર હાજર છે તે સર્વત્ર હાજર હોય તે. વાસુદેવ અથવા વિષ્ણુ. જે અલ્પ નહીં પણ ભૂમા (બૃહદ્) છે એટલે વિભુ. વિષ્ણુ એટલે જે ક્ષયિષ્ણુ નથી તે.

આ ઈશ્વરને આપણે પરમાત્મા કહીએ છીએ. કારણકે અનંત કોટિ બ્રહ્માંડોમાં પરમ સ્વરુપે એ લીલા અને રમણ કરી રહ્યો છે.

આ ઈશ્વરને આપણે પરબ્રહ્મરુપે પણ ઓળખીએ છીએ. કેમકે એ આનંદમય, સત્યમય, જ્ઞાનમય, પ્રેમમય ચૈતન્ય છે. ઈશ્વર એટલે પરમ ચૈતન્ય (સુપર કોન્સિયસનેસ)

ઈશ્વર સત્ય છે એમ આપણે કહીએ છીએ. ગાંધીજીએ સુધારીને એમ કહ્યું કે સત્ય ઈશ્વર છે. એમ કહેવાનું કારણ એ છે કે આ સચરાચર સૃષ્ટિમાં જે કાંઈ છે તે રૂપાંતરણશીલ અને નાશવંત છે. જ્યારે સત્ય એક, અવિકલ અને સનાતન હોય છે. બ્રહ્માંડમાં હકીકતો અને તથ્ય છે, જ્યારે બ્રહ્મમાં સત્ય છે. એ અંતિમ વાસ્તવિકતા (અલ્ટીમેટ રિયાલીટી) છે. ભગવાનના અનંત નામરુપ છે.

તો પછી ઈશ્વર છે શું ? એ ક્યાં રહે છે ?

ઈશ્વર નથી તનમાં, નથી મનમાં, નથી વનમાં, નથી વસનાં, તે નથી પ્રત્યક્ષ, નથી પરોક્ષ, એ છે એક અનુભૂતિ. કહો કે એક અપરોક્ષાનુભૂતિ છે. ઈશ્વરની કલના આપણે આપણા જેવી વ્યક્તિ તરીકે કરીએ છીએ. પણ એ વ્યક્તિ નથી. એ શક્તિ છે. એ Power છે, એ Spirit છે.

ઈશ્વર, આમ ચૈતન્ય છે, સત્, ચિત્ત અને આનંદ છે. એના હોવાનું (એટલે કે સત્નું), જ્યારે ભાન (જ્ઞાન) થાય છે ત્યારે આપણને નિરતિશય આનંદનો અનુભવ થાય છે. ઈશ્વરનો અહેસાસ અવશ્ય થઈ શકે છે. એ થવાની બે બારીઓ છે (૧) કરુણા અને (૨) કૃપા

પરમ ચૈતન્યરુપ ઈશ્વરમાંથી વિખૂટો પડેલો એક ચૈતન્યકણ એટલે આપણે. એની સાથે પુનઃ જોડાણ અને અનુસંધાન કરવા માટે આપણી તડપન. આપણો વલવલાટ કેટલો છે, એના પર એની અનુભૂતિ પામવાનો આધાર છે. પામરમાંથી પરમ, મુણ્મયમાંથી ચિન્મય અવસ્થામાં પહોંચવા ઈશ્વરાનુધાન કરીએ.

**ડૉ. નરેશભાઈ વેદ**

## સંકલ્પ સિદ્ધિ સુધી જીવનદીપ પ્રજ્વલિત

આજથી ૪૪-૪૫ વર્ષ પહેલા સ્વ. કેશુકાકા ચંદ્રવદનભાઈ પાસે આવ્યા અને તેમણે ચંદ્રવદનભાઈને કહ્યું કે "ચંદ્રવદન મારે ડાકોરમાં એક એવા વૃદ્ધાશ્રમ બનાવવો છે કે દાખલ થયેલ વૃદ્ધને જીવનપર્યંત રાખી શકાય. તેમણે કહ્યું ચંદ્રવદન મારે એવા મુખ્ય દાતાની જરુર છે કે જે મને રૂા. ૧,૧૧,૧૧૧ આપે. ચંદ્રવદનભાઈએ તેમની સામાન્ય વિગતો મેળવી તેમની વાત સહર્ષ સ્વીકારી લીધી. કેવો સુયોગ !! બંનેને એકબીજા પર અતૂટ વિશ્વાસ અને તે વિશ્વાસ પર અશક્તાશ્રમનો પાયો નંખાયો.

સ્વ. કેશુકાકાએ અશક્તાશ્રમની જમીન લેવાની વિધિથી માંડીને બાંધકામ શરુ કરવાનું કામ સ્વીકાર્યું. શરુઆતમાં ઘણા પ્રશ્નો આવે પરંતુ તેઓ રાત-દિવસ ડાકોરમાં રહીને પોતાની નજર હેઠળ અને પોતાની કોઠાસૂઝથી બધા કામ નિપટાવતા. ખરેખર તેઓ અશક્તાશ્રમ માટે **નીવ કી ઈંટ** સમાન હતા.

કેશુકાકાની ઉંમર વધતા ચંદ્રવદનભાઈએ આશ્રમની જવાબદારી સ્વીકારી. ચંદ્રવદનભાઈએ ધંધામાંથી નિવૃત્તિ લીધી અને તેમના આગવા વિઝનથી આશ્રમનો નકશો મનમાં નક્કી કર્યો હતો. તે કામ માટે જેની જરુર પડે તે સૌને પોતાના કરી લેવાની તેમની આવડતથી બધા જ કામ સહેલાઈથી થઈ જતા. ચંદ્રવદનભાઈના સંપર્કોનો લાભ આશ્રમને મળ્યો. દાનનો પ્રવાહ આશ્રમ તરફ વહેવા લાગ્યો. ચંદ્રવદનભાઈ અને ઉષાબેન મહિનામાં ૧૦ થી ૧૨ દિવસ આશ્રમમાં રહેતા. જેમ જેમ દાનનો પ્રવાહ વહેતો ગયો તેમ તેમ આશ્રમ વિસ્તરતો ગયો. આજે આપ સૌ જે આશ્રમ જોઈ આનંદ અનુભવો છો તે ચંદ્રવદનભાઈની વર્ષોની મહેનત અને દીર્ઘદ્રષ્ટિનું પરિણામ છે. ચંદ્રવદનભાઈના પત્ની ઉષાબેનનો સહયોગ પણ એટલો જ મહત્વનો છે. તેમની હાજરી હંમેશા ચંદ્રવદનભાઈ સાથે હોય જ. આશ્રમના કર્મચારીઓ અને આશ્રમવાસી બહેનોના પ્રશ્નો તેમજ આશ્રમની નાની મોટી જરુરિયાત માટે તેઓ હંમેશા પોતાની આગવી સૂઝથી ઉકેલ લાવતા. આશ્રમમાં થતાં વિવિધ ફંકશનોની સફળતા માટે તેમનો સિંહફાળો છે. સેતુમાં આવતો તેમનો આર્ટિકલ **અશક્તાશ્રમના આશ્રયેમાં** અશક્તાશ્રમના રહેવાસીઓની જીવન કહાની ખૂબજ સુંદર રીતે તેઓ આલેખે છે.

છેલ્લા કેટલાક સમયથી ચંદ્રવદનભાઈની નાદુરસ્ત તબિયતને કારણે તેમને મુંબઈથી ડાકોર આવવું અગવડભર્યું રહેતું. ડાકોરનું કામ તો કરવું જ હતું. તેમણે નિર્ણય કર્યો કે તેઓ બંને હવે અશક્તાશ્રમમાં કાયમી ધોરણે રહેવું અને આશ્રમવાસીઓ અને ડાકોરવાસીઓની સેવા કરવી. ડાકોરની નગરપાલિકાઓની શાળાઓના બાળકોને રોજ નાસ્તો સ્વખર્ચે કરાવવો, સ્કૂલમાં બાળકો માટે રમત ગમતના સાધનો જેવા કે લપસણી, હીંચકા, ચગડોળ વિ. આપવા. બાળકોને અશક્તાશ્રમમાં બોલાવીને નોટબૂક, પેન, નાસ્તો પહેરવાના યુનિફોર્મ આપવા. વિ. પ્રવૃત્તિઓ કરાવતા. આ ઉપરાંત તેમનું ધ્યાન ડાકોર કેમ આગળ વધે તે માટે ડાકોરમાં સ્મશાનગૃહમાં ગેસની સગવડ, દર્શનાર્થીય માટે આશીર્વાદ સંસ્થાએ કરેલ રીક્ષા અને રનીંગ એક્સપેન્સ માટે અનુદાન, ધાન-દાનમાં ૧૫૦૦ થી ૨૦૦૦ લાભાર્થીઓ વધારવા માટે સૌને પ્રેરિત કરવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. કરમસદમાં આવેલ હોસ્પીટલને સોલર પાવર માટે ૪ કરોડ રૂપિયાનું અનુદાન, અનુપમ મિશન વલ્લભવિદ્યાનગમાં પણ સોલાર પાવર માટે ડોનેશન વિ. ઘણી બધી જગ્યાએ છુપું દાન પણ આપે છે.

૯૧ વર્ષની ઉંમરે જીવનના છેલ્લા પડાવમાં આવવા છતાં પોતાના પૈસાનો કેમ સદુપયોગ થાય તેજ તેમનો જીવન મંત્ર છે. તેને માટે તેઓ સજાગ છે. અને હંમેશા વિચારશીલ પણ છે. તેથી જ તેમના માટે કહેવું યોગ્ય છે કે

**ચંદ્રવદનભાઈ સંકલ્પ સિદ્ધિ સુધી જીવનદીપ પ્રજજ્વલિત રાખો.**

**ડૉ. નરેશ રમણલાલ શાહ**

# અશક્તાશ્રમના આશ્રયે

## "જીવન અગર ઝહર હૈ તો જીના હી પડેગા"

- ઉષા ચંદ્રવદન શાહ

અ...રે.... બા તમારા ઘરમાં ગણપતિ દાદા !! મેં કહ્યું હા... મને ગણપતિદાદા બહુ ગમે. બા ! હું મહારાષ્ટ્રીયન જ છું !! સ્પષ્ટ ગુજરાતી બોલતી દેખાવડી - શામળી - ગાલમાં ખંજન પડતી આ સરસ દીકરી અમારે ત્યાં રસોઈ કામ કરે છે. શું વાત કરે છે ? તો તું અહીં !! ડાકોરમાં ક્યાંથી ?

હું વિચારમાં પડી અલબત્ત પ્રેમલગ્ન હોય તો આ શક્ય છે પણ કમાઈને ખાતી, સતત વ્યસ્ત રહેતી છોકરી વિશે જાણવાની ઇંતેજારી થઈ.

"તારા પ્રેમ લગ્ન છે" ના બ્હેન - Arranged છે. બ્હેન પપ્પા શું કરે છે ? મારા પપ્પા ખૂબ પીએ છે. રોજ જ પીએ છે મારી માને આ ગમતું નથી. મારી માએ ખૂબ સમજાવ્યા. પછી મા ગરમ થવા માંડી. પરિણામે બન્ને વચ્ચે ઝગડા શરુ થયા. હવે મારા પપ્પા મારી માને મારઝૂડ કરવા લાગ્યા. એ જોઈને અમે ચારે ભાઈ-બહેન ખૂબ ડરી જઈએ. છાનામાના એક ખૂણામાં બેસી જઈએ. બંને એકબીજાથી કંટાળ્યા. પપ્પા અમને બધાને નોંધારા છોડીને જતા રહ્યા. "એ" ક્યાં જતા રહ્યા ?.... પપ્પા રેલ્વેમાં કામ કરે છે. અને ત્યાં જ પડ્યા રહે છે. **અમારા માટે પપ્પા ઘરની વ્યક્તિ છે એટલું જ.** એ રેલ્વેમાં કામ કરે છે. તો તમે નાના ચાર ભાઈબ્હેન અને મા એ બધાનું ગુજરાન કેવી રીતે થયું ?

મારી મા કપડા સિવે, રાંધવા જાય, જે કામ મળે તે કામ કરે. અમને ચારેયને ભણવા મૂક્યા. ભાઈઓ ભણવામાં હોંશિયાર હતા. તેમને આગળ વધવું હતું પણ મા પાસે પૈસા ન્હોતા અને કોઈની પાસે પૈસા માંગવા ન્હોતા. પાસે બેસાડ્યા. **ડહાપણભરી માએ દારૂડીયા પિતા પ્રત્યે તિરસ્કાર ન થાય તે રીતે પૈસાના અભાવની વાતો કરી.** તનતોડ મહેનત માને કરતી જોતાં છોકરાઓ ઈશ્વર કૃપાથી સંસ્કાર ઝબોળાયેલા હતા તેમણે સહર્ષ સ્વીકાર કર્યો. હું ભણી પણ મને મગજમાં કાંઈ ઉતરે નહીં. ભણવું ગમે જ નહીં. તેથી ભણવાનું છોડ્યું. ઘરનું કામ બહુ ગમે, બા મને ચોખ્ખું અને વ્યવસિત ઘર બહુ ગમે. પરિણામે મારી માએ વધુ કામ પકડ્યા. અમે મોકળાશથી રહેવા લાગ્યા. મારા મોટાભાઈ ટેન્થ પાસ કરી પછી બેગો બનાવવાનું શીખ્યો. સ્કૂલ બેગ, નાની બહારગામ જવાની બેગ અને એનાથી મોટી પ્લેઈનમાં લઈ જવાની બેગો પણ બનાવતો. મારો નાનોભાઈ મારા મામાને ત્યાં જઈ ચાઈનીસ ખાવાનું બનાવતા શીખ્યો અને ત્રીજા નંબરનો ભાઈ મુંબઈમાં જ ચાઈનીઝ ખાવાનું શીખ્યો. બા! મારા ભાઈઓ માટે ગૌરવપૂર્વક કહી શકું એમ છું કે ત્રણેય જણા પોતાના કામમાં માસ્ટર્સ છે. પછી તો મારી માએ તેની જ મહેનતથી અમને ચારેય ભાઈ-બહેનોને પરણાવ્યા. ઘરમાં ત્રણ વહુઓ, છમકલા થાય. માએ સૌને છૂટા થઈ જવાનું કહ્યું. કોઈ પણ કકળાટ, ખોટા બખારા - ઝઘડા વિના શાંતિથી છૂટા પડ્યા. માને કોઈની સાથે મનદુઃખ નહીં. બધાને ત્યાં જરુર પડે તો જાય. બા!! મારી મા અમારા માટે જ જીવી છે. પોતે કોઈના પણ સહારા વિના સૂકી જીંદગી જીવી છે.

આ દીકરી નાની ઉંમરમાં જીવન અને સાચા અર્થમાં સમજવા લાગી. આ દીકરીના જીવનમાં હવે બીજો વળાંક આવે છે. એણે શરુઆતમાં મને કહેલું કે બા ! હું મહારાષ્ટ્રીયન છું પણ પટેલ ગુજરાતીને પરણી છું. મહારાષ્ટ્રિયન છોકરી મુંબઈની અને ડાકોરનો ગુજરાતી છોકરો ? એ કોયડો ઉકેલવા મ્હેં પૂછ્યું... આવું કેવી રીતે શક્ય બન્યું ?

બા મારા પપ્પાના મિત્ર મેરેજ બ્યુરો જેવું નાના નાના પાયા પર ચલાવતા. તેમણે બતાવ્યું. બધાને ગમ્યું. બધાને ગમ્યું એટલે મ્હેં પણ ગમાડ્યું.

બિચારી બોલી શકતી નહોતી પણ તેમની ગરીબીએ તેને ડાહી બનાવીતી. ગરીબ જરુર હતા પણ સ્વનિર્ભર હતા. સ્વમાની હતા. માએ ખનખનતા રોકડા રુપીયા જેવી બનાવેલી દીકરીને ડાકોરના ગુજરાતી છોકરાને પરણાવી,

બ્હેન તારા માટે તો જાત જુદી, પ્રદેશ જુદો, ભાષા જુદી, વાતાવરણ જુદુ...... આ બધામાં તું કેવી રીતે એડજસ્ટ થઈ ? બા ! જ્યાં જઈએ ત્યાં બધું જુદુ તો હોવાનું જ પણ ભાષામાં હસાહસ થતી. મારા સાસુ અને મારા એણે મને ખૂબ મદદ કરી. ગુજરાતી શીખી ગઈ.

કેવું છે તારું કુટુંબ ? સારા છે બધા. મારા સસરા બસ ડ્રાઈવર હતા. મારા સાસુ અને ત્રણ ભાઈઓ. મારા સસરાને નાની જ ઉંમરમાં માંદગીએ ઝડપ્યા અને સ્વધામ ગયા. એમની જગ્યામાં મારા સાસુને સરકારી નોકરી પર લઈ લીધા. અત્યારે પેન્શન પણ સારુ આવે છે. મારા બંને દિયરો નોકરીએ લાગી ગયા છે. ફક્ત ને ફક્ત "એ જ "કાંઈ કરતા નથી. સૌથી મોટા છે પણ કંઈ કરતા કંઈ જવાબદારી નહીં. અમારે બે બાળકો છે. એમને ભણાવવાની-મોટા કરવાની, બા! શું કહું એને જિંદગીનું કંઈ ભાન જ નથી. મને કદી એક પૈસો આપ્યો નથી. હું સોડા, પાણી, વિમલ, પડીકા બધું વેચતી. બધુ કામ કરું અને કેબિન ચલાવું પણ ન મારા વરને કે ન મારી સાસુને મારી દયા આવે. મારે જ ઘર ચલાવવાનું. હું કે મારા છોકરાઓ માંદા પડીએ તો બેમાંથી કોઈને ચિંતા નહીં કે જવાબદારી નહીં ! તારા સાસુને આટલું પેન્શન આવે છે છતાં ઘર પ્રત્યે કોઈ તેમની જવાબદારી જ નહીં ? બા ! તેલનો ડબો ભરે, ખાંડ ભરે, બીજું બધું મારે જ કરવાનું. એમને મનમાં આવે તો લઈ આવે. મારા વરને એમણે હમણાં રીક્ષા લઈ આપી છે પણ હાથમાં કોઈ પૈસો ન રહે. હપ્તો સાસુ ભરે, રીક્ષાને રોજનો રોજ કોઈ ખર્ચો. બધું બાના માથે. શા માટે આ આવો છે એની ખબર પડી ગઈ. બાએ કોળીયા ભરી ભરીને ખવડાવ્યું જ છે. શીખવાડ્યું કંઈ જ નથી. રોજ જ દારુ ઢીંચે. મનમાં આવે ત્યારે ઘેર પડ્યો રે અને મનફાવે ત્યારે બહાર રીક્ષા લઈને નીકળે. મળે તેનું પીએ.

આવીને હેલફેલ બોલે ખરો ? તને મારે ખરો ? હાથ પછાડીને કહે મારે તો ખરો !! ખે....ર નથી તેની !! એ મારાથી બીવે છે બા !! પણ એમાં શું ખુશ થવાનું. બા હું આખો દિવસ ફફડતી ને ફફડતી, કેબીન ભર બજારમાં. આજુબાજુના બધા જ પુરુષોની કેબીન. આપણે કોઈ દિવસ પુરુષો સાથેકામ કરેલું નહીં. અલબત્ત બહુ સારા લોકો છે પણ એ કોઈ દિવસ મારી પાસે આવ્યો નથી. ઘરના કામની-છોકરાઓને જમાડીને સ્કૂલે મોકલવાની ચિંતા, ઘરમાં ખૂટતું ભરવાની ચિંતા. બા!! હું ધારું તો મારા બે છોકરાને લઈ જુદી રહી જાઉં. મારે કોઈની જરુર નથી. પણ બા !! મારા માં બાપની આબરું ? સુકી ભટ્ટ જેવી જિંદગી મારે ભાગે આવી છે તો જીવી લઈશ. મારા બાળકો ખાતર જાન આપીશ. એમને ભણાવી - ગણાવી નામ કાઢે તેવા બનાવીશ. શ્રી રાધાકૃષ્ણના આશ્રયે છું. હિંમત રાખી મારા છોકરાઓને જીવન જીવતા શીખવાડીશ.

**"જીવન અગર ઝહેર હૈ તો જીના હી પડેગા"**

# સંસ્થા સમાચાર

- કે. બી. શાહ

**જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ-૨૦૨૬**

તારીખ ૧લી જાન્યુઆરી એટલે એક સ્વપ્ન દ્રષ્ટા, દીર્ઘ દ્રષ્ટા, એવા અશક્તાશ્રમના પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈનો જન્મ દિન. સવારથી જ મોબાઈલની ઘંટડીઓ રણકે. વોટસએપથી હિતેચ્છુઓની લાગણી વ્યક્ત થાય. આશ્રમવાસીઓ **સો બાર દિન યે આયેની** અંતરથી ભાવના વ્યક્ત કરવા દોડાદોડ કરે. સ્નેહીજનો સ્વજનો ટ્રસ્ટીગણ પુષ્પગુચ્છ, સ્મૃતિભેટો, શાલ, ઓવારણાથી ચંદ્રવદનભાઈને ઢાંકી દે. ચંદ્રવદનભાઈની પણ આંખો ભરાઈ આવે. જ્યારે તમે સમાજ-સેવા માટે નિસ્વાર્થ ભાવે કરો છો ત્યારે સમાજ પણ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવા અધીરો બને છે. શ્રી ચંદ્રવદનકાકા ભાણાઓ, પરિવારજનો ખાસ પધાર્યા. અસ્ખલિત દાનનો પ્રવાહ વહેવડાવી શ્રી ચંદ્રવદનકાકાએ સાચા અર્થમાં જન્મદિન ઉજવ્યો. ગુજરાતભરમાંથી નામાંકિત સેવાઓના પ્રતિનિધિઓને વિશાળ હાથેને વિશાળ હૃદયે દાન આપવા આમંત્રિત કર્યા. મુનિ સેવાશ્રમ ગોરજથી શ્રી વિક્રમભાઈ પટેલ (કેન્સરની સેવા) રાજેન્દ્રનગરથી કોકીલાબેન (રક્તપીડિતોની સેવા) ઈસ્કોન (બાળકોને ભોજન) મિત્તલબેન પટેલ (વિચારતા સમુદાય સમર્થન મંચ) આમ અનેક સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓને બોલાવી તેમનું સન્માન કરી દાન અર્પણ કર્યું.

**ધાન દાન પ્રયોગ ૪૧**

તા. ૨-૧-૨૦૨૬ના રોજ નિયત ગામડાના લાભાર્થીઓને બોલાવ્યા અનેક અનુભવો પછી હવે બધું તંત્ર વ્યવસ્થિત ગોઠવાઈ જાય છે. દીપ પ્રાગટ્ય કોટયર્ક ધામના મુખ્ય ટ્રસ્ટી શ્રી વિકેશભાઈ કાચવાળાના હસ્તે કરવામાં આવ્યું. ટેકનોલોજીનો હવે પૂર્ણ ઉપયોગ થતો હોઈ ધાનદાન વિતરણમાં ઝડપ પણ વધી હોઈ સમયસર ધાનદાન પૂર્ણ થયું. ગામડાના ૭૬૪ લાભાર્થીઓએ લાભ લીધો. કીટમાં ૨ કિલો ચોખા ૨ કિલો મગના ફાડા, ૨ કિલો મોરસ, ૧ કિલો તેલ, ૧ કિલો મગ, ૧ કિલો ચણા, ૨૦૦ ગ્રામ હળદર, ૨૫૦ ગ્રામ ચા અને ઠંડીની સીઝન હોવાથી દરેકને સ્વેટર અપાયા. અને ઘરે જવા માટે રિક્ષાના ભાડા રુપે રૂપિયા ૨૦ પણ આપવામાં આવ્યા. તારીખ ૫-૧-૨૦૨૬ના રોજ ડાકોરના અને વણોતીના લાભાર્થીઓને તેડાવ્યા અને તેમાં ૭૨૫ લાભાર્થીઓને હેમખેમ રીતે કીટ પૂરી પાડવામાં આવી.

**પતંગોત્સવ**

તા. ૧૦-૧-૨૦૨૬ના રોજ અલગ અલગ પાંચ શાળાઓના બાળકોને અને શિક્ષકોને બોલાવી બાળકોને પેન, પેન્સિલ, નોટ, બિસ્કીટ, તલની અને ગોળની ચીકી પ્રેમપૂર્વક શિસ્તપૂર્વક અપાયા. સ્વેટર, પેન, નોટ, બિસ્કીટ પણ આ શાળાઓના બાળકોને બોલાવી અપાયા.

**૨૬ જાન્યુઆરી**

૭૭મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવનંદન આશ્રમવાસી નિર્મળાબેન ચાંગેલાના હસ્તે કરવામાં આવ્યું. સ્વજનોએ તથા સૌ આશ્રમવાસીઓએ રાષ્ટ્રભક્તિ ગીતોનો આનંદ માણ્યો. નાની બાલિકાઓએ પણ ભક્તિગીત ગાયા. આશ્રમ આનંદમય-આશ્રમ બની રહ્યો. કાર્યક્રમના અંતે મિષ્ટભોજન તો હોય જ. સૌએ સાથે મળી ભોજનની જેમ ભોજનાનંદ માણ્યો. તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ ચીકુ મિલ્કશેકનો સ્વાદ આશ્રમવાસીઓને અપાયો. અંતાક્ષરીથી વાતાવરણ ગાજતું થયું. ઉંમરનું ભાન રાખ્યા વિના ફિલ્મી ગીતો ગવાયા અને આનંદની છોરો ઉડી.

**ભજન સંધ્યા**

તા. ૧-૨-૨૦૨૬ ભજન સંધ્યાનું આયોજન થયું. શ્રી રંગ અવધૂત ભજન મંડળના ભજનીકોએ ભજનની રમઝટ બોલાવી તા. ૨-૨-૨૦૨૬ નારિયેળના પાણીનો સ્પેશ્યલ કાર્યક્રમ યોજાયો. આશ્રમવાસીના સૌના લાડીલા એવા પ્રેમીલાબેન વાળંદ દેવલોક પામતા ગમગીનીનું વાતાવરણ સર્જાયું. સૌ આશ્રમવાસીઓએ તે દિવ્ય આત્માને ચીર શાંતિ મળે તે માટે અંતઃકરણથી પ્રાર્થના કરી. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ શિવરાત્રી શિવજીને યાદ કર્યા અને સત્સંગ હોલમાં એક કલાક શિવજીની ધૂન મેનેજર શ્રી પુનિત ખંભોળજાના મધુર કંઠે ગવાઈ. શિવજીની ધૂનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું.

**યાત્રા પ્રવાસ**

તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ નારેશ્વર ગરુડેશ્વરનો પ્રવાસ આશ્રમવાસીઓના આનંદ માટે ગોઠવાયો. સવારે ૭-૦૦ વાગે લકઝરી ઉપડી. ભજનો, લોકગીતો, ફિલ્મી ગીતો ગાતા ગાતા સૌએ આનંદ લૂંટ્યો. પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજના મંદિરે ભાવથી સૌએ દર્શન કર્યા. બાપજીની અનેક સમાજ ઉપયોગી કરેલ સેવાઓની મુક્ત કંઠે ચર્ચા થઈ. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ કોટયર્ક ધામ શ્રી વિકેશભાઈ કાચવાળાનું ખાસ આમંત્રણ હતું. હોળીના રસીયાનો અદ્‌ભૂત કાર્યક્રમ હતો તેનો આનંદ લૂંટ્યો. પ્રાચીન પરંપરાના હોળી રસીયા ગીતો ગુલાલની છોળો ઉછળે વાતાવરણ હોળીમય બન્યું.

**હોળી-ધૂળેટી**

તા. ૨-૩-૨૦૨૬ના રોજ હોળી. હોળી ગીતોને ગરબા રચાયા. ખાસ મુંબઈથી વલ્લભ નિવાસ ધર્મશાળામાંથી હોળી રસીયા આવ્યા હતા. ને પ્રાસંગિક હોળી ગીતો ગવાયા. સાંજે ૭-૦૦ કલાકે હોળીનું પ્રાગટ્ય કરવામાં આવ્યું. તા. ૩-૩-૨૦૨૬ આશ્રમ માટે ધૂળેટીનો દિવસ તો હતો જ પણ આશ્રમના ત્રણ ટ્રસ્ટી શ્રી જય ત્રાલસાવાળા, શ્રીદિપકભાઈ ગોળવાળા, ડૉ. શ્રી નરેશભાઈ વેદ સાહેબ અને સ્વજન કે.બી. શાહનો જન્મ દિવસ હતો. સૌને આશ્રમવાસીઓએ જન્મદિનની શુભેચ્છાઓ હૃદયથી પાઠવી. પુનઃ હોળી ગીતોની રમઝટ બોલાવી આનંદથી વસંતપંચમીથી ધૂળેટી સુધીનો વસંત ઉત્સવ આશ્રમના આંગણે છવાયો.

**નેત્ર નિદાન કેમ્પ**

૮-૩-૨૦૨૬ના રોજ સંતરામ મંદિરના નામાંકિત ડૉક્ટરના સહકારથી નેત્રયજ્ઞ અને અન્ય રોગ નિદાન કેમ્પનું આયોજન થયું. કુલ ૨૧૪ લોકોએ લાભ લીધો. આશ્રમવાસી ૬૦ અને અન્ય ૧૩૯ જરુરીયાતમંદોએ લાભ લીધો. જે વ્યક્તિને મોતિયાનું ઓપરેશન કરાવવાનું હતું તેમને નક્કી કરી નડિયાદ મોકલવાનું આયોજન થયું જે સફળ રહ્યું.

**પગરખા પ્રયોગ**

ઉનાળાની શરુઆતમાં તા. ૫-૩-૨૦૨૬ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૧મો પગરખા પ્રયોગ યોજાયો. જે ધાનદાનના લાભાર્થીઓ તેમજ તે ગામડાના લાભાર્થીઓ માટે જેમને ફોટાવાળા આઈકાર્ડ આપેલા છે. તેમને માપસરના પગરખા આપવામાં આવ્યા. બહેનો માટે સ્લીપર અને પુરુષો માટે ચંપલ અપાયા. કુલ ૬૪૦ ભાઈ બહેનોને પગરખાનો લાભ મળ્યો.

**બાળમિત્ર**

તા. ૧૪-૩-૨૦૨૬ કુલ પાંચ શાળાના ૩૫૦ જેટલા બાળકોને આમંત્રિત કરવામાં આવ્યા, તેમના પ્રેમથી રસપુરી સુકીભાજી એ પતરાનું ભોજન પીરસાયું અને બાળકોને પરત જતા દીકરીઓને ઓક્સોડાઈઝના સેટ, પર્સ, પેન અને નોટબુક અપાયા જ્યારે દીકરાઓને ટીશર્ટ, નોટબુક, પેન અને બિસ્કીટ આપવામાં આવ્યા. સૌ બાળકોના ચહેરા પરનો આનંદ અનેરો હતો

**-રાધિકાબેન મોદી (પ્રાર્થના પરિવાર)**

**જપના તપના સહેના**

એકવાર એક ગામમાં એક માણસ રહેતો હતો. પૈસે ટકે ગરીબ, ખૂબ મહેનત કરે ત્યારે માંડ એક ટંકનું ભોજન રળી શકે. ઈશ્વરમાં એને શ્રદ્ધા ખરી. ભક્તિ પણ કરે. પરંતુ એને મનમાં એક મુંઝવણ રહે, કે આ જન્મ મૃત્યુના ફેરામાંથી મુક્તિ કેવી રીતે મળે ? મુક્તિ મળે તો આ જંજાળમાંથી પણ મુક્ત થાઉં. એકવાર એ ગામમાં એક સંત આવ્યા. એ માણસ એમનો સમય લઈ એમને મળવા ગયો. અને એણે સંત પાસે પોતાનો પ્રશ્ન રજુ કર્યો. ત્યારે સંતે જવાબ આપ્યો કે "જીવન મેં તીન કામ કરને હૈ, જપના, તપના ઔર સહેના, બાકી સબ અપને આપ હો જાએગા." સંતે તો આ ત્રણ શબ્દોમાં સુખી આનંદિત જીવનનું રહસ્ય સમજાવી દીધું.

જપના.... પ્રભુ સ્મરણ. સતત પ્રભુ સ્મરણ કરતા રહીએ. સવારે ૫ માળા ફેરવી, રાત્રે ૫ માળા ફેરવી પણ માળા ફેરવતી વખતે મન ક્યાં રહ્યું ? પ્રભુસ્મરણમાં કે પછી ભટકતું રહ્યું ? એક ચિત્તે પ્રભુ સ્મરણ થાય તો કામનું. શ્વાસે શ્વાસે પ્રભુ સ્મરણ. મુખેથી જાપ જપીએ તો થાકી જવાય. એટલે મનોમન જાપ જપીએ. મનોમન જાપ જપવાથી તો ઉંઘ આવી જાય નહીં તો ધ્યાન આજુબાજુમાં શું થઈ રહ્યું છે તેના પર રહે. એટલે જાપ કરવા અઘરા લાગે છે. જાપ જોઈએ એવા જપાતા નથી. ફરિયાદ રહે છે કે જેવી માળા હાથમાં લઈએ કે મન ભટકવા લાગે છે. તો પછી ?

તપ.... તપ ??? હવે તપ તો એનાથી પણ અઘરું. સંસારમાં રહીને તપ કરવું તો બિલકુલ સહેલું નથી. તો પછી સંતે બતાવેલો ત્રીજો ઉપાય જ કામ લાગે... સહેના....

સહન કરવું... આપણે સંસારીઓ માટે આ જ અનુકુળ માર્ગ છે. જ્યાં છીએ જેવા છીએ, એનો સ્વીકાર કરી જે આવી પડે તે સહન કરી લેવું. એ તો આપણે કરી જ શકીએ. ફક્ત મનને સ્વીકાર કરતાં શીખવવું પડે. મન સ્વીકાર કરવા માટે તૈયાર થઈ જાય પછી સહન કરવામાં વાંધો ન આવે. ફાવશે, ભાવશે, ગમશેની ભૂમિકા આવી જવાય. અને આ ભૂમિકામાં આવી જઈએ તો ઈશ્વર, પરમાત્મા રાજી થાય. આપણે કહીએ છીએ કે ઈશ્વર મારા માટે જે કંઈ કરે છે એ મારા સારા માટે જ કરે છે. પણ કેટલી હદે આને સ્વીકારીએ છીએ ? કંઈ થાય કે ગુસ્સો આવી જાય, નારાજ થઈ જવાય, એટલું જ નહિં પરમાત્માને, નસીબને કોસીએ છીએ. પરમાત્મા કહે છે કે હું કોઈનું નસીબ-ભાગ્ય ઘડતો નથી. તમે જ તમારા ભાગ્યના ઘડવૈયા છો. તમારા કર્મો દ્વારા તમે જ તમારું ભાગ્ય ઘડો છો. તો તમે જ ઘડેલા તમારા ભાગ્યનો સ્વીકાર તમે કેમ ન કરો ?

સ્વીકાર.... એ શાંત, આનંદિત જીવન જીવવા માટેનું અમોઘ શસ્ત્ર છે. પરિસ્થિતિ તો જીવનમાં બદલાતી જ રહેશે. એ આપણા હાથમાં નથી. પરંતુ આવી પડેલી દરેક પરિસ્થિતિમાં શાંત રહીને જીવવું કેવી રીતે એ તો ચોક્કસ આપણા હાથમાં છે. બસ આપણે આપણા મનને કેળવવાનું છે. મન શાંત હોય ત્યારે સહન કરવાનું આવે તો એ પણ હસતા મોઢે સહી લેવાય.

જીવનને સરળ આનંદમય બનાવવું હોય તો હવે જેટલા જિંદગીના દિવસો કે વર્ષો બાકી રહ્યા એને જાગૃત રહી જે પરિસ્થિતિમાં છીએ, જે પરિસ્થિતિ આવી પડે એનો સ્વીકાર કરી સહી લઈએ. અશક્તાશ્રમમાં તો ખુબ સરસ સુવિધાઓ મળી રહે છે. આમ જોઈએ તો કોઈ પ્રતિકુળ સંજોગો ઉભા થાય એવું છે જ નહીં, છતાં પણ જો એવું લાગતું હોય તો હસતા મોઢે સહન કરી પરમાત્માને રાજી કરી દઈએ. છે ને સંતની અપનાવવા જેવી વાત.... સહેના.....

**સુવિચાર**

- વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં જ સમાજ પાસે મેળવેલું સમાજને પરત કરવા માટે કોઈ ને કોઈ સેવાકાર્ય કરવું એ મનુષ્યનો ધર્મ છે.
- જે કર્મ કરીએ એ નિષ્કામ ભાવે કરીએ, પ્રભુપ્રીત્યર્થે કરીએ.
- તમે જે કરી શકતા હો તે કરો, તમારી પાસે જે કંઈપણ છે તેની મદદ વડે કરો, તમે જ્યાં છો ત્યાં રહીને કરો.
- પરિસ્થિતિ કઠીન હોય ત્યારે જ શ્રદ્ધાની કસોટી થાય છે.

---

**Book Packet - Printed Book**

**પ્રતિ શ્રી**

**પ્રેષક :**

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,**

**ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858**



**સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦**